ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
૨૬૩૦૦૮૩૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126 & 26300664, 26300834
Grams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**અત્યંત તાકીદનું**

નં.એકેડેમિક/ઇલેકશન/૩૫૯૧/૨૦૧૪ તા.૨૧/૧૦/૨૦૧૪

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિધાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ ટ્રસ્ટીશ્રીઓ તરફ અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ અને માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ

વિષય- યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા તેમજ અમલી કરવા બાબતે.

સંદર્ભ- સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૯-૨૦૧૪ના પત્રાક નં:અ.સ. પત્ર.ક્ર:ઇએલઆર-૧૪૧૪-૪૯૪ (૨)-છ સંદર્ભ.

શ્રીમાન,

ઉપરોકત વિષય તેમજ સંદર્ભ અનુસંધાને મુખ્ય નિર્વાચીન અધિકારી અને અગ્રસચિવ, ગુજરાત રાજયનો તા.૧૫-૧૦-૨૦૧૪ થી તા.૧૦-૧૧-૨૦૧૪ દરમ્યાન મતદારયાદીમાં નામ નોંધાવવા/કમી કરવા અંગેની કાર્યવાહી કરવા બાબતેનાં પત્રની નકલ આ સાથે સામેલ છે, જે બાબત વંચાણે લીધા બાદ આપશ્રીની કક્ષાએથી તાત્કાલિક અસરથી યોંગ્ય ઘટતી કાર્યવાહી કરી અમલી કરવાનું રાખશો.

કુલસચિવ

બિડાણ- સંદર્ભ મુજબ

નકલ રવાના: જાણ સારૂ
માન.અનીતા કરવલ (આઇ.એ.એસ)
મુખ્ય નિર્વાચન અધિકારી અને અગ્રસચિવ
ગુજરાત રાજય
ગાંધીનગર

*મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી*

અ.સ.પત્ર ક્રઃઈએલઆર–૧૪૧૪–૪૯૪(૨)–છ

**સામાન્ય વહીવટ વિભાગ**
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

सत्यमेव जयते

**અનીતા કરવલ,** આઇ.એ.એસ.
**મુખ્ય નિર્વાચન અધિકારી**
**અને અગ્ર સચિવ,**
**ગુજરાત રાજ્ય**

GUJARAT UNIVERSITY
INWARD NO. ડ્સ-131
29 SEP 2014
FILE:........................

તારીખઃ–૨૩/૯/૨૦૧૪

સ્નેહીશ્રી

ભારતના ચૂંટણી પંચ ધ્વારા રાજયની તમામ ૧૮૨ વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીઓ ૧/૧/૨૦૧૫ ની લાયકાતની તારીખના સંદર્ભમાં સુધારણા કરવાની કામગીરી માટે આદેશ કરેલ છે. જે માટે તા.૧૫/૧૦/૨૦૧૪ થી તા.૧૦/૧૧/૨૦૧૪ દરમ્યાન મતદારયાદીમાં નામ નોંધાવવા/કમી કરવા માટેનો સમયગાળો નિયત કરવામાં આવ્યો છે. કોલેજો તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જેઓની ઉમર તા.૧/૧/૨૦૧૫ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો તેઓ મતદારયાદીમાં નામ નોંધાવવાની લાયકાત ધરાવે છે. તદ્દનુસાર આપની યુનિવર્સિટી હસ્તકની કોલેજો તથા અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ તેઓનું નામ મતદારયાદીમાં નોંધાવી શકે તે માટે સંબંધીત જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી મારફત આ કોલેજો તથા શૈક્ષણિક સંસ્થામાંજ ફોર્મ્સ સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જે માટે સંબંધીત સંસ્થાના એક કર્મચારીને પદનામિત અધિકારી તરીકે નીમી તેઓને જરુરી તાલીમ આપી ફોર્મ્સ સ્વીકારવાની કાર્યવાહી સંસ્થાના કામકાજના સમય દરમ્યાન કરવાની રહેશે. **વધુમાં આ રીતે નીમવામાં આવેલ પદનામિત અધિકારી (Designated Officer)ની સહાયતા માટે તથા વિદ્યાર્થીઓને મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે પ્રોત્સાહિત કરવા સારૂ જે તે શૈક્ષણિક સંસ્થામાં જો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા કેમ્પસ એમ્બેસેડર નિમાયા હોય તો તેઓની સક્રિય મદદ લેવાની રહેશે. તેમજ કેમ્પસ એમ્બેસેડરે કયા પ્રકારની અને કેવી રીતે કામગીરી બજાવવાની છે, તેની વિગતવાર સૂચના સંબંધિત કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ધ્વારા આપવામાં આવશે.**

...૨...

(PTO)

**ટેલીફોન : (કચેરી) ૦૭૯-૨૩૨૫૦૩૧૮, ૦૭૯-૨૩૨૫૦૩૧૬ ફેક્સ : ૦૭૯-૨૩૨૫૦૩૧૭**
**E-mail :** ceo_gujarat@eci.gov.in, ceoguj@gujarat.gov.in

(૨) મતદારયાદીમાં નામ નોંધાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ મતદાર નોંધણી નિયમો હેઠળ નિયત થયેલ ફોર્મ નં.૬ માં અરજી કરવાની રહેશે, તેમજ અરજીમાં પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટાની સાથે જરુરી પ્રમાણપત્ર બીડવાનું રહેશે.

(૩) આપના હસ્તકની સંસ્થાનાં તમામ લાયક વિદ્યાર્થીઓના નામ મતદારયાદીમાં નોંધાય તે માટેની કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા જે વ્યવસ્થા કરવામાં આવે તેને કોલેજો કે શૈક્ષણિક સંસ્થાઓ તરફથી પૂરતો સહકાર મળી રહે તે માટે સંબંધીતોને જરુરી સૂચના આપવા વિનંતી છે.

આપની સ્નેહાધિન,

(અનીતા કરવલ)

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ.